**શ્રી એચ.એ. શાહ, પ્રમુખ, કામદાર રાજય વીમા અદાલત,**
**અમદાવાદ સમક્ષ.**

**પરચુરણ અરજી (ઇ.એસ.આઇ.) નં.૨/૨૦૨૬**

**આંક–૦૮**

**એપેલન્ટ :** **પરમાર હિતેષભાઇ મોતીભાઇ,**
રહે. ૩૧૦, મોચીવાડ,
વર્ષ કેમિકલની સામે,
ખોડીયારનગર, બહેરામપુરા,
અમદાવાદ.

વિરૂધ્ધ

**રીસ્પોડન્ટ :** **ઇ.એસ.આઇ. કોર્પોરેશન,**
પંચદીપ ભવન, આશ્રમ રોડ,
ઈન્કમટેક્ષ પાસે,
અમદાવાદ.

**હાજર રહયા:** અરજદાર તરફે પ્રતિનિધિશ્રી આર.આર.જોગી
સામાવાળા તરફે વિ.વ.શ્રી અમૃતા રાવલ

**બાબત**:–સેકન્ડ અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવાની અરજી.

**–:: જજમેન્ટ ::–**

૧. અરજદારે હાલની અરજી એમ.એ.ટી. નં.૧૪/૨૦૨૫ માં તા.૨૧/૦૮/૨૦૨૫ ના રોજ મજુર અદાલત, અમદાવાદે કરેલ હુકમ સામે તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ દાખલ કરી કુલ–૫૫ દિવસનો થયેલ વિલંબ માફ કરવા માટે દાખલ કરેલ છે.

૨. હાલની અરજી અન્વયે અરજદારે તેઓની અરજીમાં જણાવેલ છે કે, અમો અરજદારનો વીમા નં.૩૭૧૦૪૨૬૯૧૫૨ છે અને એમ.બી. કેસ નં.૫૦૬૪/જમાલપુર/૨૩ છે. અમોને નોકરીની ચાલુ ફરજ દરમિયાન તા.૨૬/૩/૨૪ ના રોજ ગંભીર અકસ્માત થવા પામેલ. જે બાબતે અમોએ રીસ્પોડન્ટ વિરૂધ્ધ મેડીકલ અપીલ અરજી

નં.૧૪/૨૦૨૫ દાખલ કરેલ હતી. જેમાં અમારી કાયમી અપંગતા ૨૦% માંગણી કરેલ, પરંતુ મેડીકલ બોર્ડના સભ્યશ્રી તથા મેડીકલ અપીલ ટ્રીબ્યુનલના ચેરમેનશ્રી દ્વારા અમોને તા.૨૧/૮/૨૫ ના રોજ અમારી કાયમી અપંગતા ૦% માંથી ૨% નો હુકમ કરેલ છે. તે હુકમને નામદાર કોર્ટ સમક્ષ રદ કરવા સારુ તથા ૨% ની જગ્યાએ અમારી કાયમી અપંગતા ૨૦% કરવા સારુ આપ નામદાર કોર્ટ સમક્ષ અમોએ સેકન્ડ અપીલ દાખલ કરેલ છે અને તે સેકન્ડ અપીલ દાખલ કરવામાં અમોને આશરે પપ દિવસનો વિલંબ થવા પામેલ છે. તે વિલંબ દરગુજર કરવા સારુ હાલની આ વિલંબ માફ કરવાની અરજી દાખલ કરેલ છે.

૩. આ કામે સામાવાળાને આંક–૪ થી નોટીસ બજી જતાં સામાવાળા તરફે તેઓના વિ.વ.શ્રી અમૃતા રાવલ હાજર થયેલ છે અને આંક–૭ થી પુરશીશ આપી એવી રજૂઆત કરેલ છે કે, '' સદર કામમાં અરજદારે નામદાર કોર્ટમાં ડીલે અરજી દાખલ કરેલ છે. સદર સેકન્ડ અપીલ સાથે ડીલે અરજી દાખલ કરેલ છે. જેમાં પપ દિવસનો વિલંબ છે. જેનો વિલંબ માફ કરવા બાબત અમે સખત વિરોધ કરીએ છીએ.''

૪. બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળી. આ કામે અરજદારની અરજી જોતાં તેઓનો મેરીટરીચલ પ્રથમ દર્શનીય કેસ છે અને તેઓની ડીલે કોન્ડોન અરજી મંજુર કરવામાં ન આવે તો ટેકનીકલ કારણોસર તેઓને અન્યાય થાય તેમ છે. જયારે સામાવાળાને કોઇ નુકસાન થાય તેમ નથી. એટલે કે, બેલેન્સ ઓફ કન્વીયન્સ અરજદારની તરફેણમાં છે.

૫. નામદાર ગુજરાત હાઇકોર્ટ તથા નામદાર સુપ્રીમ કોર્ટે ચુકાદાઓથી એવું પ્રતિપાદિત કરેલ છે કે, લીમીટેશનનો ટેકનીકાલીટીથી નહીં પરંતુ મેરીટસ ઉપર કેસ સાંભળી સબસ્ટેન્સીયલ જસ્ટીસ કરવો જોઇએ અને ટેકનીકલ ગ્રાઉન્ડના કારણોસર અરજદારનો કેસ અપીલના હકકથી વંચિત રહેવો જોઇએ નહી. તે તમામ સંજોગો ધ્યાને લેતાં અને ખાસ કરીને અરજદારનો પ્રથમ દર્શનીય મેરીટરીચલ કેસ હોઇ હાલની અરજી મંજુર કરવા પાત્ર અને ન્યાય સંગત જણાતું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧.** અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે તથા પપ દિવસનો થયેલ વિલંબ માફ કરવામાં આવે છે.

**ર.** ઓફિસે અરજદારની અપીલ રજિસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૦૧, માહે. મે, સને ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૫/ર૦ર૬
અમદાવાદ

**(એચ. એ. શાહ)**
પ્રમુખ
કામદાર રાજય વીમા અદાલત
અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૫૫૦

**એન.ડી.મકવાણા, પી.એસ.**